૫૮૬

**અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના જિલ્લા સમાજ કલ્યાણ / જિલ્લા નાયબ નિયામકશ્રીઓ દ્વારા વિભાગ હસ્તકના નિગમોની વસુલાતની કામગીરી કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ સશપ-૧૫૦૩-૫૬૨-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૧૨ ઓગસ્ટ, ૨૦૦૫.

પ રિ પ ત્ર :

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા તથા નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ઉપરાંત અનુસૂચિત જાતિ તથા અન્ય પછાતવર્ગો, લઘુમતિઓ, વિચરતી અને વિમુકત જાતિઓ તથા અન્ય પછાત વર્ગો માટે સ્વરોજગારીની કેટલીક યોજનાઓને અનુલક્ષીને પછાત વર્ગોને નાણાંકીય ધિરાણની વિવિધ પ્રવૃત્તિઓ આ વિભાગ હસ્તકના વિવિધ નિગમો કરે છે. આ નિગમોની મુખ્ય કામગીરી લાભાર્થીઓની પસંદગી, પસંદ થયેલા લાભાર્થીઓની જામીન, સિક્યોરીટી, ડોકયુમેન્ટેશન, જે તે વ્યવસાય શરુ કરાયાની ખરાઈ, ભૂતકાળના લ્હેણાં સહિત ધિરાણની વસુલાતની કામગીરી થાય છે. આ પ્રક્રિયાને વધારે અસરકારક અને પરિણામલક્ષી બનાવવા માટે **અનુસૂચિત જાતિ કલ્યાણ તથા વિકસતી જાતિ કલ્યાણ ખાતાના જિલ્લા કક્ષાના અધિકારીઓને** પણ યોગ્ય રીતે સામેલ કરવાની બાબત વિચારણા હેઠળ હતી. આ સંદર્ભમાં આ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ, સફાઈ કામદાર તથા વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નિગમોના મેનેજીંગ ડીરેકટરશ્રીઓ તથા નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા નિયામક, વિકસતી જાતિ કલ્યાણ સાથે જરુરી ચર્ચા-વિચારણા બાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા છે :-

જિલ્લા અધિકારીઓની કામગીરી :-

(૧) યથાપ્રસંગે નિગમ દ્વારા લાભાર્થી પસંદગી માટે અરજદારોના ઈન્ટરવ્યુ લેવામાં આવે ત્યારે સંબંધકર્તા જિલ્લાના લાભાર્થીઓ પૂરતી જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીએ ઈન્ટરવ્યુ કમિટિમાં સભ્ય તરીકે હાજર રહી પસંદગીની કામગીરી કરવાની રહેશે.

(૨) જે કિસ્સાઓમાં લોન મંજુર કરવામાં આવે એવા કિસ્સાઓમાં જામીનના ગીરોખત વગેરેની આનુષાંગિક કાર્યવાહી કરતી વખતે જે તે જિલ્લાઓમાં કેમ્પ રાખવામાં

(ભા ૧૦૭)

આવે ત્યારે સંબંધકર્તા નિગમના અધિકારીઓની સાથે રહી આવી કાર્યવાહી બરાબર રીતે થાય તેમાં સહયોગ આપવો.

(૩) લાભાર્થીઓને આવો વ્યવસાય / ધંધો શરુ કરાયાની ખરાઇ કરવાની કામગીરીમાં પણ નિગમના કર્મચારીઓને આ અંગેનો અહેવાલ તૈયાર કરવામાં મદદ કરવી.

(૪) નિગમની વસુલાતની કામગીરી પણ જે તે નિગમના રીકવરી એજન્ટ મારફતે કરવામાં આવે છે. એ કામગીરી હવેથી નિગમના એજન્ટે સંબંધકર્તા જિલ્લા અધિકારીના માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ કરવાની રહેશે. નિગમના એજન્ટ સતત લાભાર્થીના સંપર્કમાં રહી વસુલાત અંગેની વિગતોથી જિલ્લા અધિકારીને વાકેફ કરશે અને જિલ્લા અધિકારીએ આ વિગતોને અનુલક્ષીને યથાપ્રસંગે તેમના જિલ્લાના પ્રાસંગિક પ્રવાસ, નિરીક્ષણ કે મુલાકાતો દરમિયાન આવા લાભાર્થીઓનો સંર્પક કરી લાભાર્થીઓ નિયમિત રીતે નાણાંની પરત ચૂકવણી કરે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી.

(૫) ભૂતકાળમાં કરવામાં આવેલ ધિરાણના કિસ્સાઓની યાદી, સરનામુ, વ્યવસાયનું નામ, કેટલી લોન ક્યારે અપાઇ છે, સમયસર ભરપાઇ થયેલા ન હોય તેવી બાકી લ્હેણાં, દંડનીય વ્યાજ વગેરેની ચૂકવણી માટે સંબંધકર્તા લાભાર્થીઓના સંપર્ક કરી તેની પરત ચૂકવણી માટે તેમને પ્રોત્સાહિત તથા પ્રેરિત કરવા અને જ્યાં જરુર જણાય ત્યાં જરુરી કાયદાકીય જોગવાઇઓ અને જવાબદારીઓ અને તેના પરિણામોથી વાકેફ કરી આવી લોનો સમયસર પરત ચૂકવાય તેવા પ્રયાસો કરવા.

(૬) લાભાર્થીઓના સંપર્ક કરવાના પ્રસંગોએ રીઢા ગણાતા બાકીદારોના નિવેદનો લેવા તથા જરુર જણાય ત્યાં તેમની સામે જરુરી કાયદાકીય કાર્યવાહી થઇ શકે તે માટે ઉપયોગી જણાય તેવાં સૂચનો અને ઉપાયો સૂચવવા.

આ કામગીરી **અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિના સંબંધકર્તા નિગમોના મેનેજીંગ ડીરેકટરશ્રીઓના પરામર્શમાં** કરવામાં આવે અને તે માટે સમયાંતરે અરસપરસ માર્ગદર્શન અને સહયોગ દ્વારા આ નિગમોની કામગીરીનો મૂળભુત ઉદ્દેશ અને હેતુ જળવાય અને સરકારના નાણાંની સમયસર વસુલાત થાય તેવા શક્ય પ્રયાસો તથા પ્રબંધો કરવા અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિ હસ્તકના સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી / જિલ્લા નાયબ નિયામકશ્રીને વિનંતી કરવામાં આવે છે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ તથા સંબંધકર્તા મેનેજીંગ ડીરેકટરશ્રીઓએ સ્વયં જવાબદારીપૂર્વક જિલ્લા

અધિકારીઓને આ કામગીરીમાં વધુ સરળતા અને સહયોગ મળી રહે તે જોવું તથા તે માટે સમયસર પૂરતી વિગતો તથા માહિતીથી વાકેફ રાખવા તથા આ દિશામાં તેમને જરુરી જણાય તેવું માર્ગદર્શન આપવા પણ આપવું.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મા.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મા. રાજયકક્ષાના મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) / જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પં)
- નાણા વિભાગ, અ-શાખા, સચિવાલય, ગાંધીનગર
- વિભાગની ગ, જ અને અ.૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
- સિલેકટ ફાઇલ (અ-શાખા)